## //આંક–૫ લગત હુકમ//

## *(દિવાની કાર્યરીતી સંહીતાના ઓર્ડર ૩૯ રૂલ ૧ તથા ૨ મુજબ)*

(૧) આ કામે વાદીની વચગાળાના મનાઈ હુકમની અરજીની હકીકત એવી છે આ કામના વાદી અને પ્રતિવાદી નંબર ૧ થી ૪ સગા ભાઈ બહેનો થાય છે અને પ્રતિવાદી નંબર –૫ થી ૧૨ એ કુટુંબના સભ્યો છે. આ કામે દાવાવાળી મિલકત વાદીના મૂળ પુરુષ બેલાભાઈ ભીખાભાઈ હતા અને તેના વારસદારોમાં તેના પિતાશ્રી છે અને તેના વારસદારોમાં હાલના વાદી અને પ્રતિવાદી નંબર ૧ થી ૪ નો સમાવેશ થાય છે. આ કામે વાદીન ની સંયુક્ત માલિકીની ખેતીની જમીન આવેલી હતી આવેલી છે અને તે જમીનમાં તેઓનો હિસ્સો સમાયેલો છે અને રેવન્યુ રેકોર્ડમાં તેઓનું નામ પણ દાખલ કરવામાં આવેલું છે જે નિશાની અ વાળી મિલકત એ વાદીના પિતાશ્રીના નામે ચાલી આવેલી છે. આ કામે મનાઈ અરજીના નિશાની –બ જમીનની ખરીદી તેના પિતાશ્રીએ તારીખ ૨૭/૧૧/૧૯૭૮ ના રોજ કરેલી હતી પરંતુ તેની રેકર્ડ માં નોંધ કરેલી ન હતી જેથી વાદીની અને પ્રતિવાદી ની સંયુક્ત કબજાની હાલની મિલકત આવેલી છે. આ કામે નિશાની –બ વાળી મિલકત એ વડોદરા મુંબઈ એક્સપ્રેસ હાઈવેમાં સંપાદન થયેલી અને સંપાદન થયેલી જમીનના વળતરના ૩૧,૨૧,૨૦૦/– સરકાર તરફથી ચૂકવવાનું હુકમ કરવામાં આવેલું પરંતુ સદર જમીન પ્રતિવાદી નંબર–૧૨ નામે રેકર્ડ પર ચાલતી હોય પ્રતિવાદી નંબર –૧૨ ને ચૂકવવાનો હુકમ કરેલો અને તે બાબતે પ્રતિવાદી નંબર –૨ વાંધો પણ આપેલો જેથી એ સરકાર શ્રી દ્વારા તેની ચુકવણી કરવામાં આવેલી નહીં. હકીકતમાં નિશાની –બ વાળી મિલકત વાદી અને પ્રતિવાદી નંબર ૧ થી ૪ ના પિતાશ્રીએ ખરીદ કિંમત ચૂકવીને કબજે લીધેલી મિલકત છે જેથી તે મિલકતમાં વાદી અને પ્રતિવાદીનું હિત સમાયેલું છે. વધુમાં નિશાની– ક વાળી મિલકત વાદી અને પ્રતિવાદીઓ ની સંયુક્ત માલિકીની ચાલી આવેલી છે અને જે

પણ જમીન સંપાદન થયેલી હોય તેના ત્રણ લાખ વીસ હજાર રૂપિયા વાદી નંબર –૧ને મળેલા છે. નિશાની ક વાળી મિલકતમાં આવેલ ઝાડ પણ સંપાદન કરવામાં આવેલા જેના ૪૪,૧૬,૦૪૬/– આપેલા જે પ્રતિવાદી નંબર –૨ ના એ એકલાએ મેળવી લીધેલા છે જેમાં વાદી તથા પ્રતિવાદી નંબર ૧ થી ૪ નો પણ સરખો હિસ્સો આવેલો છે. નિશાની – ક વાળી મિલકતમાં એક કોઠાર નુ ઘર પણ આવેલું હતું અને તે તેનું વળતર પણ ૧૦,૪૦,૦૩૪/– મળેલું જે પણ પ્રતિવાદી નંબર –૧ નાએ મેળવી લીધેલું છે જેમાં પણ વાદી અને પ્રતિવાદી નંબર –૨,૩,૪ નો હિસ્સો સમાયેલો છે. વાદીના પિતાશ્રીનું પોસ્ટ ઓફિસમાં ખાતું આવેલું હતું તે પોસ્ટ ઓફિસની રકમ પણ પ્રતિવાદી અને વાદી વચ્ચે વહેંચણી કરવાનું નક્કી થયેલું હતું પરંતુ તેની પણ કોઈ વહેંચણી થયેલી નથી અને તે રકમ પણ પ્રતિવાદી નંબર ૧થી ૪ ઓએ મેળવી લીધેલી છે અને તેમના પિતાશ્રીનું પેન્શન હતું તે પણ વાદી મેળવવા હકકદાર છે અને આ કામના પ્રતિવાદી નંબર –૨ પેન્શન મેળવી રહ્યા છે જેમાં પણ તેનો હિસ્સો આવેલો છે. જેથી આ કામના પ્રતિવાદીને તારીખ ૨૧/૦૩/૨૦૨૪ ના રોજ મિલકતની વહેંચણી કરવા માટે અને સમાધાન કરવા માટે નોટિસ આપેલી પરંતુ નોટિસ મળી જવા છતાં નોટિસનો કોઈ જવાબ આપેલો નથી કે વર્તન કરેલો નથી. આ કામના પ્રતિવાદી નંબર ૫ થી ૧૧ નાઓએ તારીખ ૨૦/૦૩/૨૦૨૪ ના રોજ જમીનની માપણી કરી મિલકતની વહેંચણી કરવા માટે જણાવતા તેઓએ દાવાવાળ મિલકતમાં ખેતી કામ કરતાં નીપજ લેવાની ના પાડેલી અને ધમકી મારેલી. જેથી વાદીએ દાવો દાખલ કરવાની જરૂરિયાત ઉપસ્થિત થઈ છે. હાલની મનાઈ હુકમની અરજી દાખલ કરી વાદીએ એવી દાદ માંગેલી છે કે આ કામના પ્રતિવાદી નંબર એક થી ચાર વાદીને દાવાવાળી મિલકતમાં ખેતી કામ કરતા અટકાવ કરે–કરાવે નહીં કે ઉપજ નિપજ લેતા અટકાવે નહી તેવા વચગાળાના મનાઈ હુકમની માંગણી કરેલી.

(૨) આ કામે વાદીની મનાઈ અરજીની પ્રતિવાદીઓને નોટીસ કરતા તમામ પ્રતિવાદી ઓને મનાઈ અરજીની નોટીસ બજી ગયેલી જે પૈકી પ્રતિવાદી નંબર ૫,૭,૧૧,૧૨ ને રજીસ્ટર્ડ એ.ડી. થી નોટિસ બજવવા છતાં હાજર થયેલા નહી જેથી તેઓની સામે દાવાની કાર્યવાહી એક તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. જ્યારે પ્રતિવાદી નંબર –૬,૮,૯,૧૦ તરફે વકીલ પત્ર રજૂ થયેલું છે પરંતુ જવાબ રજૂ કરવા માટે મુદતો આપવા છતાં કોઈ જવાબ રજૂ ન થતા તેનો જવાબ હકક બંધ કરવામાં આવેલો છે. જ્યારે પ્રતિવાદી નંબર ૧ થી ૪ નાએ મનાઈ અરજીનો લેખિત માં જવાબ આંક–૧૮ થી રજૂ કરેલ છે જેમાં તેઓ એવી હકીકત જણાવેલ છે કે વાદીએ જે મનાઈ અરજી દાખલ કરેલ છે તે શુદ્ધ બુદ્ધિ નથી અને કાયદેસરની નથી વાદીને હાલનો દાવો લાવવાનો કોઈ હકક કે અધિકાર નથી કે દાવો દાખલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલું નથી. વાદી ચોખા હાથે કોર્ટમાં આવેલા નથી જેથી વાદીને કોઈ દાદ મેળવવા હકકદાર નથી. દાવાવાળી મિલકત પૈકી નિશાની ક વાળી મિલકત છે તેમાં પ્રતિવાદી નંબર ૧ થી ૪ વચ્ચે અને વાદી વચ્ચે જે વહેંચણી ની થવાની બાકી છે તે વાદીને રકમ તેને મળેલી રકમની વહેચણી કરવામાં આવેલી છે અને વાદીને તેની રકમ મળે તે બાબતે તેઓને કોઈ વાંધો નથી. આ કામે દાવાવાળી મિલકતની વાદી અને પ્રતિવાદી વચ્ચે વહેંચણી કરવામાં આવેલી છે અને અલગથી કબજો સોંપી દેવામાં આવેલો છે અને દાવા વાળી મિલકતની વહેંચણી થઈ ગયેલી હોવા છતાં વાદી ખોટી રીતે વહેંચણી કરવાની દાદ માંગી રહ્યા છે. વાદીએ તેની મનાઈ અરજીમાં જે હકીકત જણાવેલી છે કે આ કામના પ્રતિવાદી૧ થી ૪નાએ પોસ્ટ ઓફિસ વાદીના પિતાશ્રીનું પોસ્ટ ઓફિસના સેવિંગ ખાતામાં ચાલે એવી રકમ મેળવવા માટે વાદીઓ વિરુદ્ધ અરજી કરેલી અને તેમાં સમાધાન થયેલું અને આ કામના વાદીએ તેની માતા સાથે

છેતરપિંડી કરી સોના ચાંદીના દાગીના ની ચોરી કરી લઈ ગયેલા જેની ફરિયાદ પણ કરવામાં આવેલી છે અને ત્યારબાદ સમાધાન થયેલું અને ચોરીલા દાગીના પરત આપેલા નથી અને થોડી વસ્તુઓ જ રકમ પરત આપેલી હતી જેથી ચોરી ગયેલા દાગીના ની કોઈ વેચણી થઈ શકે તેમ નથી અને હાલ વાદીના પિતા અને માતા હયાત ન હોય જેથી તેમને પેન્શન કોઈ મળતું નથી અને તેમના પિતાશ્રીનું અવસાન થયા બાદ તેમના માતાને પેન્શન મળતું હતું અને તેઓ છેલ્લા ચાર વર્ષથી ગુજરી ગયેલા હોય જેથી તેના ખર્ચમાં પેન્શન વપરાઈ ગયેલું હોય જેથી તેમનો તમામ ખર્ચો પ્રતિવાદી નંબર ૧ થી ૪ નાઓએ કરેલ છે. દાવાવાળી મિલકત નિશાની– બ વાળી મિલકતની વહેંચણી ૨૦ વર્ષ પહેલા થઈ ગયેલી છે અને તે પ્રમાણે વાદી પ્રતિવાદી નો સ્થળ પર કબજો છે તેઓએ વાદીને કોઈ ધાક– ધમકી આપેલી નથી કે મિલકતમાંથી કબજો લેવાનો કોઈ પ્રયત્ન કરેલ નથી. આ કામના વાદીના માતા ઘણા સમયથી બીમાર હતા તેઓએ કોઈ પુત્ર તરીકે કોઈ સાર સંભાળ લીધેલી નથી કે કોઈ પ્રેમ કે હુંફ આપેલી નથી અને પ્રતિવાદીઓએ તેની માતાના પેન્શન માંથી અને તેની અન્ય મિલકત આવકના સ્ત્રોત ઊભા કરીને તેની સાર સંભાળ કરેલ છે જેથી વાદીએ તેની મનાઈ અરજીમાં જે હકીકતો જણાવેલી છે  તે મુજબ વાદીને મનાઈ અરજીમાં માંગ્યા મુજબની કોઈ દાદ માંગવા કે મેળવવા હકકદાર હતા નહી અને નથી. ઉપરના તમામ સંજોગોમાં વાદી આપેલ હાલનો દાવો તથા મનાઈ અરજી કાયદેસરની ન હોય ખર્ચ સહીત રદ કરશોજી.

(૩) આ કામે વાદી તરફે વિધ્વાન વકીલશ્રી ડિ.એન.શાહ ની આંક–૨૧ લેખિત દલીલો વંચાણે લીધી તથા પ્રતિવાદી નંબર ૧ થી ૪ તરફે વિધ્વાન વકીલશ્રી વી.એ.દેસાઈ ની આંક–૧૮ ની લેખિત દલીલો વંચાણે લીધી જેને નિર્ણયના કારણો સાથે સાંકળી લીધેલ છે.

(૪) સદર અરજીના નિર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

*૧. શું વાદી પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરે છે ?*

*૨. શું વાદી પુરવાર કરે છે કે બેલેન્સ ઓફ કન્વીનીયન્સ તેઓની તરફેણમાં છે ?*

*૩. શું વાદી પુરવાર કરે છે કે, જો માગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો તેઓને નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન થવાનો સંભવ છે?*

*૪. શું હુકમ ?*

(૫) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

*૧. મુદ્દા નં. ૧ નકારમાં*

*૨. મુદ્દા નં. ૨ નકારમાં*

*૩. મુદ્દા નં. ૩ નકારમાં*

*૪. મુદ્દા નં. ૪ આખરી હુકમ મુજબ.*

## *// નિર્ણય માટેના કારણો //*

(૬) ***મુદ્દા નં. ૧ થી ૩ ની સંયુક્ત ચર્ચાઃ–*** ઉપરોક્ત મુદ્દા નં. ૧ થી ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય પુનરાવર્તન ન થાય તે હેતુથી ત્રણય મુદ્દાઓની સંયુક્ત ચર્ચા કરીને એક સાથે કારણો આપેલ છે. આ કામે વાદી ની મનાઈ હુકમની અરજીની હકીકતો ધ્યાને લેતા સૌ પ્રથમ દિવાની કાર્યવાહી સંહિતાના ઓર્ડર–૩૯ રૂલ ૧, ૨ ની જોગવાઈ વંચાણે લેવી જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે.

***1. Cases in which temporary injunction may be granted***

*Where in any suit it is proved by affidavit or otherwise--*

*(a) that any property in dispute in a suit is in danger of being wasted, damaged or alienated by any party to the suit,or wrongfully sold in execution of a decree, or*

*(b) that the defendant threatens, or intends, to remove or dispose of his property with a view to defrauding his creditors,*

*(c) that the defendant threatens to dispossess the plaintiff or otherwise cause injury to the plaintiff in relation to any property in dispute in the suit,*

*the court may by Order grant a temporary injunction to restrain such act, or make such other Order for the purpose of staying and preventing the wasting, damaging, alienation, sale, removal or disposition of the property or dispossession of the plaintiff, or otherwise causing injury to the plaintiff in relation to any property in dispute in the suit as the court thinks fit, until the disposal of the suit or until further orders.*

*(2) [xxx]*

ઉપરોક્ત કાયદાની જોગવાઈ ધ્યાને લેતા વાદીને જ્યારે એવી દહેશત હોય કે દાવાવાળી મિલકત સંબંધે કોઇ વ્યક્તિ તેની પાસેથી દાવાવાળી મિલકતનો કબજો પડાવી લેશે કે તેના કાયદેસરના હક્ક કે દિવાની અધિકારને નુકશાન પહોંચાડશે ત્યારે કોર્ટ કેસના સંજોગો ધ્યાને લઇને દાવાનો નિકાલ ન થાય ત્યાં સુધી અથવા બીજો હુકમ ન થાય ત્યાં સુધી દાવાવાળી મિલકત સંબંધે યોગ્ય લાવે તેવો હુકમ કરી શકશે. જે ઉપરોક્ત કાયદાની જોગવાઈ ધ્યાને લેતા અને વાદીની મનાઇ હુકમની અરજીની હકીકતો ધ્યાને લેતા વાદીએ જે કારણોસર મનાઈ અરજી દાખલ કરેલ છે તે કારણો ધ્યાને લેતા વાદીએ સૌ પ્રથમ મનાઇ હુકમ આપવા માટેના મુખ્ય ત્રણ પાસા છે. જેમાં વાદીનો પ્રથમ દર્શનીય કેસ, સગવડતા અગવડતાની તુલા તથા નાણાંમાં ન આકારી શકાય તેવુ નુકશાન થાય તેવુ સાબિત કરવુ પડે.

(૭) આ કામે રેકર્ડ ધ્યાને લીધું તથા મનાઈ અરજીની હકીકતો વંચાણે લીધી. આ કામે રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા તથા પ્રતિવાદીઓ એ જે જવાબ રજુ કરેલ છે અને રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. હાલનો દાવો વાદી જાહેરાત, વહેંચણી તથા કાયમી મનાઈ હુકમ માટેનો દાખલ કરેલ છે જેમાં વાદીની હાલની વચગાળાના મનાઈ હુકમની અરજીની મુખ્ય તકરાર એવી છે કે આ કામે વાદીએ નિશાની –૩ થી જુદા– જુદા રેવન્યુ રેક ર્ડ રજૂ કરેલા છે જેમાં રેવન્યુ રેકર્ડમાં વાદી અને પ્રતિવાદીઓના સંયુક્ત નામ હોવાનું જણાય આવે છે. આ કામે વાદીની મુખ્ય તકરાર એવી છે કે દાવા વાળી મિલકત સંયુક્ત માલિકીની અને કબજા ભોગવટાની ની મિલકત છે અને દાવાવાળી મિલકતની કોઈ વહેંચણી થયેલી નથી અને દાવા વાળી મિલકતમાં તેઓનું હિત સમાયેલું છે અને આ કામના પ્રતિવાદીએ તેમને દાવાવાળી મિલકતમાં ખેતી કામ કરતા અટકાવેલા અને ધમકી આપેલી એવી મુખ્યત્વે તકરાર છે જે ધ્યાને લેતા દાવાવાળી મિલકતમાં ખેતી કામ કરતા હતા તે વખતે પ્રતિવાદી એ તેઓને ઉપજ નીપજ લેતા અટકાવે અને આ કામના પ્રતિવાદીને તેઓએ દવા વાળી મિલકતની વહેંચણી કરવા માટેની નોટિસ આપેલ પરંતુ તેનો કોઈ જવાબ ના આપેલ હોય જેથી તેઓએ દાવો દાખલ કરે અને દાખલ કરેલ. જે ધ્યાને લેતા વાદીની મુખ્યત્વે દાવાવાળી મિલકતની વહેંચણી અંગેની તકરાર છે અને કામે દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડમા વાદી અને પ્રતિવાદીના બંનેના નામ આવેલા છે તેવા સંજોગોમાં દાવાવાળી મિલકત ની વહેચણી થયેલી છે કે કેમ તે હાલના તબક્કે નક્કી થઈ શકે તેમ નથી. વધુમાં પ્રતિવાદી એ તેના જવાબમાં જે હકીકતો જણાવી છે તે મુજબ અને તેની તેના જવાબની સાથે જે

દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે તે ધ્યાને લેતાં વાદીનું દાવવાળી મિલકતમાં નામો નું જણાઈ આવે છે પરંતુ વાદી જે હકીકત જણાવે છે તે મુજબ આ કામના પ્રતિવાદીઓએ તેમને ધમકી આપેલી હતી તેના સમર્થનમાં વાદી તરફે કોઈ એવો દસ્તાવેજી પુરાવો રજૂ કરેલો નથી કે જેના પરથી પ્રથમદર્શનીય રીતે એવુ જણાય આવે કે વાદીના કબજા પ્રતિવાદીઓએ હરકત અંતરાય કરેલ . વધુમાં વાદીએ તેની મનાઈ હુકમની અરજીમાં એવા કોઈ સંજોગો બતાવેલા નથી કે જેના પરથી એવું રેકોર્ડ પર આવે કે વાદીને જો વચગાળાનો મનાઈહુકમ આપવામાં ન આવે તો તેના મૂળભૂત દીવાની અધિકારોને નુકસાન થાય તેમ છે કારણકે વાદીએ રજુ કરેલા દસ્તાવેજી પુરાવા પરથી પ્રતિવાદીઓનું પણ દાવાવાળી મિલકતમાં હિત સમાયેલું છે તેવા સંજોગોમાં જ્યાં સુધી મિલકતની વહેંચણી ન થાય ત્યાં સુધી એ હકીકત સ્પષ્ટ ના થઈ શકે. વધુમાં વાદીએ તેની મનાઈ અરજીમાં જે હકીકતો જણાવેલી છે તે હકીકતો ધ્યાને લેતા અને વાદીએ જે દસ્તાવેજી પુરાવો રજૂ કરેલા છે તે દસ્તાવેજી પુરાવાથી વાદીનો પ્રથમ દર્શનીય કેસ સ્થાપિત થતો નથી. વધુમાં સગવડતા અગવડતા ની તુલા બાબતે વિચારીએ તો પ્રતિવાદી એ એવું કોઈ કૃત્ય કરેલું નથી કે જેના પરથી એવું રેકોર્ડ પર આવે કે પ્રતિવાદી દાવાવાળી મિલકત વેચવાના કે નિકાલ કરી નાખવાના પ્રયત્નો કરી રહેલા હોય તેવી પણ કોઈ હકીકત રેકર્ડ પર આવેલી નથી. જેથી સગવડતા અગવડતા ની તુલા પણ વાદીની તરફેણમાં હોય તેવું જણાઈ આવતું નથી. વધુમાં આ કામે દાવાવાળી મિલકત તમામ પક્ષકારોના નામે છે તેવા સંજોગોમાં દાવાવાળી મિલકતમાં તમામ પક્ષકારોનું હિત સમાયેલું હોય તેવું

જણાઈ આવે છે. જેથી વાદીએ જે તેની મનાઈ અરજીમાં કારણ જણાવેલ છે તે કારણસર મનાઈ હુકમ આપવા જેવા સંજોગો ના હોય અને ખાસ પ્રકારના એવા સંજોગો વાદી મનાઈ અરજીમાં જણાવી શકેલા નથી કે જેના પરથી એવું થાય કે વાદીના વાદીને વચગાળાનો મનાઈ હુકમ ના આપવામાં આવે તો વાદીના મૂળભૂત વાદીના દીવાની અધિકારોને નુકસાન થાય તેમ છે. વધુમાં વાદીનો દાવો દાખલ થયા બાદ બે વર્ષ ઉપરાંત નો સમય પસાર થઈ ગયેલ છે તે દરમિયાન પણ એવા કોઈ પ્રતિવાદી દ્વારા કૃત્યો ઓ કરવામાં આવેલા નથી કે કોઈ એવી હકીકતો રેકર્ડ પર આવેલી નથી કે જેના પરથી એવું થાય કે દાવાવાળી મિલકતમાં રહેલા વાદીના હકક અધિકાર ને પ્રતિવાદીઓ દ્વારા નુકસાન કરવામાં આવેલું હોય તેવા સંજોગોમાં વાદીએ જે કારણસર વચગાળા ના મનાઈ હુકમની માંગણી કરેલી છે તે વચગાળાના મનાઈ હુકમ આપવા જેવા સંજોગો જણાઈ આવતા નથી. જેથી વાદી તરફે રજૂ થયેલા તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા અને વાદીએ જે હકીકતો જણાવી છે તે મુજબ વાદીનો પ્રથમ દર્શનીય કેસ , સગવડતા અગવડતાની તુલા અને નાણા ન સુધરી શકે તેવું નુકસાન વાદી યોગ્ય રીતે સ્થાપિત કરી શકેલા નથી.

(૮) આ કામે તમામ હકીકતો વંચાણે લેતા વાદી દ્વારા જે દસ્તાવેજો રજૂ કરેલા છે તેના પરથી વાદીએ પોતાનો પ્રથમ દર્શનીય કે સાબિત કરેલું નથી કારણ કે જે દસ્તાવેજ રજૂ કરેલા છે જે દસ્તાવેજો રજૂ કરેલા છે તેના પરથી વાદી તેનો પ્રથમ દર્શનીય કેસ સાબિત કરી શકેલા નથી. આમ, રજૂ થયેલા તમામ દસ્તાવેજી પુરાવા પરથી વાદીએ જે મનાઈ હુકમના મૂળભૂત સિદ્ધાંતો છે તે મુજબ પ્રથમ દર્શનીય કેસ વાદીની તરફેણમાં સાબિત કરી શકેલા નથી.આમ, મનાઈ હુકમની અરજી નક્કી કરતી વખતે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓનું ઝીણવટભરી રીતે મુલ્યાંકન

કરવાનું હોતુ નથી પણ રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા પરથી વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે કે કેમ? તે જોવાનું હોય છે. હાલના કેસમાં વાદીએ જે દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે તે પુરાવા ધ્યાને લેતા વાદીએ તેનો વચગાળાના મનાઈ હુકમના ત્રણ સિદ્ધાંત છે તે પ્રથમ દર્શનીય કેસ, સગવડતા – અગવડતા ની તુલા અને નાણામાં ન સુધરી શકે તેવુ નુકશાન તે હાલના તબક્કે સાબિત કરી શકેલ ન હોય જેથી ***મુદ્દા નંબર ૧ થી ૩ નો નકારમાં જવાબ આપી મુદ્દા નંબર ૪*** નો ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

***// હુકમ //***

(૧) આ કામના વાદીની આંક–૫ ની વચગાળાની મનાઇ હુકમ અરજી રદ્દ યાને નામંજૂર કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના પરીણામને અનુસરશે.

હુકમ આજ તારીખ ૩જી માહે માર્ચ,સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
ASHWIN CHHAGANBHAI SAKHIYA
Reason: Seen
at vapi
on 03/03/2026 11:10:54 IST.

તારીખ:– ૦૩/૦૩/૨૦૨૬ (અશ્વિન છગનભાઈ સખીયા)
સ્થળ :–વાપી. ત્રીજા અધિક સિનિયર સિવિલ જજ,વાપી.
U.I.Code No. GJ01418